# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૧ (A) તા.૭-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે આપણે સૌ જાણીએ છીએ તેમ ગરવી ગુજરાતની ગરિમા સમા ગરબાનું આપણાં જીવનમાં અનેરુ મહત્વ છે. ગુજરાતના રાસ-ગરબા તો માત્ર ભારતભરમાં નહીં પણ દેશ-વિદેશમાં પણ પ્રખ્યાત છે. ગુજરાતની આ અનોખી સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તે માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ આપણી શાળાઓ માટે 'ગરબા મહોત્સવ' નિમિત્તે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉચ્ચ પ્રા.શાળાઓએ પોતાના ગરબાની એન્ટ્રી બીટ સુપરવાઈઝરશ્રીને કરાવવાની રહેશે. બીટ કક્ષાની સ્પર્ધા બીટનિરીક્ષકશ્રીના જણાવેલ સ્થળે અને સમયે થશે. બીટ સુપરવાઈઝરશ્રીએ બીટમાં પસંદ થયેલ ત્રણ ગરબાની નોંધ આસિ.એ.ઓ.શ્રીને કરાવવાની રહેશે. ઝોનકક્ષા સ્પર્ધા તા.૨૨-૯-૧૭ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળે યોજાશે.

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧ | પૂર્વ | ખોખરા – ૨ |
| ૨ | પશ્ચિમ | મહાત્માગાંધી – ૨ |
| ૩ | મધ્ય | પ્રિતમપુરા – ૧ |
| ૪ | ઉત્તર | સૈજપુર – ૬ |
| ૫ | દક્ષિણ | કાંકરિયા – ૮ |
| ૬ | હિન્દી | ખાડિયા – ૨ |

## રાસ-ગરબા સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

## નિયમો :-

1. રાસ-ગરબાની સ્પર્ધામાં ધો. ૬ થી ૮ની બાળકો ભાગ લઈ શકશે.
2. રાસ-ગરબાનો સમય ૬ થી ૮ મિનિટનો રહેશે.
3. ઓછામાં ઓછા ૧૫ અને વધુમાં વધુ ૨૦ બાળકો ભાગ લઈ શકશે.
4. રાસ-ગરબા માટે સીડી/ પેનડ્રાઈવનો ઉપયોગ કરવો.
5. બીટ કક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર શાળાએ ગરબાના શબ્દો, વિદ્યાર્થીઓના નામની યાદી, તૈયાર કરનાર શિક્ષકનું નામ, મોબાઈલ નંબર, બેંક ઓફ ઈન્ડિયાનો એકાઉન્ટ નંબર અને IFSC કોડ નંબર સાથેની કોમ્પ્યુટરાઈઝડ કોપી આપવી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**ગુણાકંન:-**

| રાસ- ગરબાની અભિનય કળા | પહેરવેશ | તાલ સાથે સુમેળ | સમયપાલન | એન્ટ્રી- એક્ઝીટ | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |

આ સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ત્રણ કૃતિને વિદ્યાર્થીદીઠ ક્રમશઃ રૂ. ૨૫૦|- ,રૂ.૨૨૫|- અને રૂ.૨૦૦|- રોકડ પુરસ્કાર તેમજ શિલ્ડ એનાયત કરવામાં આવશે. શહેર કક્ષાએ રાસ-ગરબામાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

નવરાત્રિ દરમ્યાન શહેરકક્ષાની સ્પર્ધા થશે. તેનું સ્થળ, સમય અને તારીખ પછી જણાવવામાંઆવશે.

તા.૭-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી